sankalp INTERNATIONAL SCHOOL

Opp. Sammet Avenue, Nr. Amar Javan Chowk, Nikol, Ahmedabad.

## સંકલ્પ પરિવાર તરફથી દરેક વિદ્યાર્થીઓ તેમજ વાલીશ્રીઓને

# મહાશિવરાત્રીની હાર્દિક શુભકામના

મહાશિવરાત્રી એ ભગવાન શિવની ગરીમામાં મનાવતો વાર્ષિક હિન્દુ પર્વ છે. આ મહત્વપૂર્ણ પર્વ આપણને એ શીખ આપે છે કે જીવન અને દુનિયામાં "અંધારપટ અને અજ્ઞાનતા ઉપર વિજય" કેટલો જરૂરી છે. શિવરાત્રી દર મહિને આવે છે. પણ મહાશિવરાત્રીની મહત્વપૂર્ણ રાત્રી વર્ષમાં માત્ર એક જ વાર આવે છે. ચંદ્રમાસના દરેક ૧૪ માં દિવસને શિવરાત્રી તરીકે ઓળખવામાં આવે છે. તેથી વર્ષમાં ૧૨ શિવરાત્રી આવે છે જે અમાવસ્યાના આગલા દિવસે મનાવવામાં આવે છે.

આપણે મહાશિવરાત્રી ફાગણ માસમાં ઉજવીએ છીએ. તે દિવસે ભગવાન શિવને બિલીપત્ર ચઢાવવામાં આવે છે. બિલી પત્રને અંગ્રેજીમાં Wood Apple Leaves તરીકે પણ ઓળખવામાં આવે છે. નંદી જે ભગવાન શિવના પ્રિય છે તે એક બળદ છે. સમુદ્રમંથન ના સમયે જ્યારે ભગવાન શિવ એ જીવલેણ વિષનું સેવન કર્યું હતું. તે સમયે તેમના કંઠનો રંગ નીલ સ્વરુપ પામ્યો હતો. અમરત્વને પામવાના પાંચ ભોજન જે માખણ, દહીં, મધ, દૂધ અને સાકરને શિવલીંગ ના ચરણોમાં અર્પણ



કરવામાં આવે છે. માન્યતા પ્રમાણે કુવારીકાઓ અને બાળાઓ ભગવાન શિવની આરાધના એક યોગ્ય જીવનસાથી મેળવવાના ઉદ્દ્શ્યથી કરે છે. ભગવાન શિવ અને માતા પાર્વતીને બે પુત્રરત્ન હતા. તેમનું નામ ગણેશ અને કાર્તિકેય છે. ભગવાન શિવને વિનાશક તરીકે પણ ઓળખવામાં આવે છે. જ્યારે વાસ્તવમાં તે માત્ર માણસના મગજમાં વસેલી અશુધ્ધિઓનો નાશ કરે છે. ભગવાન શિવને ઘણા નામથી ઓળખવામાં આવે છે. જેમાંથી પશુપતિનાથ, રુદ્ર, નટરાજ, ગંગાધર, ત્રિશુલધારી, મહેશ, શંભુ, નિલકંઠ, અંબિકાનાથ, જયધારા વગેરે ઘણા જાણીતા છે.

ત્રીજી આંખ અને ત્રિશુળ, અર્ધચંદ્ર, ગંગા

એ ભગવાન શિવના ચિન્હો છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તે હિન્દુ ધર્મની પવિત્ર ત્રિપુટી છે. ભગવાન શિવના ત્રિશુળમાં રહેલી ત્રણ મૂળભૂત શક્તિઓ દૃઢ મનોબળ, ક્રિયા અને જ્ઞાન છે. કૈલાસ પર્વત તે ભગવાન શિવનું પવિત્ર ધામ માનવામાં આવે છે. ભગવાન શિવનાં પવિત્ર અભિન્ન અંગ તે માતા પાર્વતી હિન્દુ પૌરાણિક કથા પ્રમાણે ગંગા એક પવિત્ર નદી છે. જે ભગવાન શિવની જટામાંથી ઉત્પન્ન થાય છે. ભગવાન શિવના પાવન શરીરને પંચ મંત્રોનો આવાસ માનવામાં આવે છે.

જેને પંચબ્રાહ્મણ તરીકે ઓળખાય છે. શિવને નિલકંઠ નામથી ઓળખવામાં આવે છે. કારણ કે તેમનો કંઠ નીલ રંગનો છે. ભગવાન શિવના નૃત્ય કરતા સ્વરૂપને નટરાજ તરીકે ઓળખવામાં આવે છે. મહાશિવરાત્રીને રાત્રીએ ભગવાન શિવે તાંડવનૃત્ય કર્યુ હતું કારણકે તેમણે આ સૃષ્ટિને બચાવવા માટે વિષના ઘુંટડા ભર્યા હતા. ભગવાન શિવ વિષની આડઅસર ઉપર વજય પામી શક્યા હતા. કારણ કે તેઓ આખી રાત જાગતા રહ્યા હતા. જેવી રીતે ભગવાન શિવ એ શિકારીની રક્ષા કરી હતી તેને વધાવવા માટે આપણે શિવને બિલીપત્ર ચઢાવીએ છીએ. ભગવાન શિવનો અર્ધનારીશ્વર અવતાર જાતીય સમાનતાને પ્રોત્સાહન આપે છે. ભગવાન શિવ એ ત્રંબકદેવનોઅવતાર કામદેવનું વઈ કરવા માટે લીધો હતો. ભગવાન શિવ એ ગંગાજીને પોતાની જટામાં બાંધ્યા હતા. કારણ કે તેઓ ગંગાજીના પ્રવાહથી વિનાશ ન થાય તેવું ઈચ્છતા હતા એટલે ગંગાજીને જટામાં બાંધ્યા હતા.

આમ તો મહાશિવરાત્રી ભારત ઉપરાંત નેપાળમાં પણ મનાવવામાં આવે છે.આ પર્વ વિક્રમ સંવત પ્રમાણે ફાગણ માસની ચૌદશના દિવસે મનાવવામાં આવે છે. ભક્તો તે દિવસે ઉપવાસ રાખી તથા તે રાત્રે જાગરણ કરીને અને પૂજા પાઠ કરીને મનાવે છે.

